ISSN: 2349-6002

# Sustainable development and – Environmental Studies

Radhikaben Dineshbhai Vadaniya[1], Kajal D. Khunti[2]
[1]Department of Economic, Dr. V.R. Godhaniya P.G. centre Porbandar.
[2]Guide
doi.org/10.64643/IJIRTV12I8-191471-459

**સારાંશ :- ટકાઉ વિકાસ - પર્યાવરણ અભ્યાસ:-**

પર્યાવરણીય અભ્યાસ એ માનવ અને પર્યાવરણ એ બંનેનું વૈજ્ઞાનિક અધ્યયન છે. પર્યાવરણ વિના માનવ જીવન અશક્ય છે. આજે આપણે જાણીએ છીએ કે પ્રદૂષણ સતત વધી રહ્યું છે. ખાસ કરી ભારતનો સૌથી મોટો પ્રશ્ન વસ્તી વધારાનો છે. જેના કારણે પણ પ્રદૂષણમાં વધારો થયો છે અને આ પ્રદુષણો માનવોના સ્વાસ્થ્ય પર ગંભીર રીતે અસર કરે છે. આથી પ્રદૂષણને વધતું અટકાવવું ખૂબ જ જરૂરી છે.

આ પ્રદૂષણને ઘટાડવાના ઉપાયોમાં સૌથી વધારે અસરકારક ઉપાય એ છે કે પર્યાવરણ વિશે જાગૃતિ ફેલાવી, બાળકોને પર્યાવરણનું મહત્વ તથા તેનું રક્ષણ કરવાની માહિતી આપવી. જેના કારણે પ્રદૂષણ ઓછું થાય. આ ઉપરાંત વૃક્ષારોપણ કરવું જોઈએ.

આપણે વિકાસ તો કરવાનો જ છે પરંતુ આપણે પર્યાવરણને નુકસાન પહોંચાડ્યા વિના વિકાસ કરવાનો છે, અને ત્યારે જ સાચા અર્થમાં વિકાસ થયો કહેવાય છે. વિકાસ માટે ઉદ્યોગો જરૂરી છે, પરંતુ ઉદ્યોગોના વધતા પ્રમાણને કારણે પર્યાવરણને ઓછામાં ઓછું નુકસાન થાય તે રીતે ઉદ્યોગોનો વિકાસ કરવો જોઈએ.

આમ, પર્યાવરણ એ માનવ જીવનનું અભિન્ન અંગ હોવાથી તેનું રક્ષણ કરવું ખૂબ જ જરૂરી છે. જો પર્યાવરણના ભોગે વિકાસ કરશું તો તે વિકાસ અર્થહિન કહેવાશે . આથી આપણે ટકાઉ વિકાસ તરફ આગળ વધીએ તેવા પ્રયત્નો કરવાના છે કારણ કે "આજનું પર્યાવરણ એ આવતીકાલનું ભવિષ્ય છે."

## વિષયપ્રવેશ

પર્યાવરણ અને માનવી બંને પરસ્પર સંકળાયેલા છે. પર્યાવરણ એ માનવીને કુદરત તરફથી મળેલી અનમોલ ભેટ છે. તેથી તેનો ખૂબ જ કાળજીપૂર્વક ઉપયોગ કરવો એ આપણી પ્રાથમિક જવાબદારી છે. પર્યાવરણ માનવીના જીવન સાથે ખૂબ જ ગાઢ રીતે સંકળાયેલું છે. પર્યાવરણ એ પૃથ્વીનો આધાર છે. જે પંચમહાભૂત તત્વો જેવા કે આકાશ, પાણી, પ્રકાશ, વાયુ અને પૃથ્વીથી બનેલું છે.

આજે પર્યાવરણીય પ્રદૂષણ સતત વધી રહ્યું છે. તેથી પર્યાવરણની જાળવણી કરવાની જવાબદારી માત્ર સરકારની જ નથી પરંતુ દરેક વ્યક્તિની છે. જો દરેક લોકો આસપાસના વાતાવરણ વિશે ચિંતિત હોય તો પ્રદૂષણની સમસ્યાને આપણે ગંભીર બનતા રોકી શકીએ અને આ માટે પર્યાવરણનું જ્ઞાન અને જાગૃતિ હોવા ખૂબ જ જરૂરી છે.

## પર્યાવરણ નો અર્થ

સામાન્ય રીતે "પરિ" એટલે આસપાસ અને "આવરણ" એટલે વાતાવરણ. આમ પર્યાવરણ એટલે મનુષ્યની આસપાસ પથરાયેલો સમગ્ર નૈસર્ગિક ઘટકોનો સમૂહ. ટૂંકમાં કહી શકાય કે ભગવાને સર્જેલી તમામ વસ્તુઓનો પર્યાવરણનો સમાવેશ થાય છે.

ડો .ત્રિવેદી તેમના વિચારો પ્રસ્તુત કરતા કહે છે, કે કુદરત નિર્મિત ભૂમિ સપાટી, ભૂમિ આકારો, હવા, પાણી,

 ISSN: 2349-6002

સૂર્યપ્રકાશ, વનસ્પતિ, પ્રાણીસૃષ્ટિ આ બધા ઘટકોનો સમાવેશ નૈસર્ગીક ઘટકોમાં કરી શકાય.

-:- શા માટે પર્યાવરણીય અભ્યાસ જરૂરી છે ?

પર્યાવરણનો અભ્યાસ માત્ર વિદ્યાર્થીઓ માટે જ નહીં પરંતુ બધા માટે જરૂરી છે. આજે આપણે જોઈએ છીએ કે પ્રદૂષણ સતત વધી રહ્યું છે, કુદરતી આપત્તિઓ વધી રહી છે, ત્યારે પર્યાવરણનો અભ્યાસ આવશ્યક બની જાય છે. પર્યાવરણના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને પ્રકૃતિ અને તેના સંસાધનોનો ઉપયોગ તેમજ તેના વિશેની જાણકારી પ્રાપ્ત થાય છે.

-:-નીચેના કારણોસર પર્યાવરણ નો અભ્યાસ કરવો જરૂરી છે.

(૧) પર્યાવરણનો મુદ્દો વિશ્વ સ્તરે પણ મહત્વનો છે :-

આબોહવા પરિવર્તન, ગ્લોબલ વોર્મિંગ, એસિડ વર્ષા, પ્રદૂષણ જેવા પર્યાવરણના મુદ્દાઓ વૈશ્વિક મુદ્દાઓ છે આથી તેનો અભ્યાસ કરવો જરૂરી છે.

(૨) વિકાસના કારણે પડેલી સમસ્યાઓ :-

આજે વિકાસની દિશામાં સતત આગળ વધવાના કારણે શહેરીકરણ અને ઔદ્યોગીકરણમાં સતત વધારો થયો છે. તેના કારણે પ્રદૂષણમાં મોટો વધારો થયો છે. આથી પર્યાવરણનો અભ્યાસ કરવો જરૂરી બને છે.

(૩) ટકાઉ વિકાસ માટે :-

ટકાઉ વિકાસ એટલે "ભાવિ પેઢીની જરૂરિયાતોને નુકસાન પહોંચાડ્યા વિના વર્તમાન પેઢીની જરૂરિયાતો સંતોષવી." આપણે કુદરતી સંપત્તિનો બેફામ ઉપયોગ કરીએ છીએ તેના કારણે કદાચ ભાવિ પેઢીને તે ન મળે. તેથી આપણે જો પર્યાવરણ વિશે જાણતા હશું અને જાગૃતિ હશે તો તેનો કરકસર ભર્યો ઉપયોગ કરીશું તો તેના કારણે ભાવિ પેઢીને પણ તેનો લાભ મળશે. જેથી પર્યાવરણનો અભ્યાસ જરૂરી છે.

## પર્યાવરણના અભ્યાસનું મહત્વ

પર્યાવરણ એ માનવજીવનનું અભિન્ન અંગ છે એમ કહી શકાય, કારણ કે તેના વિના આપણું જીવન શક્ય નથી પર્યાવરણ અને માનવોનો સંબંધ ખૂબ જ જૂનો અથવા તો પુરાણો છે. પહેલાના સમયમાં આદિમાનવ વૃક્ષનો ફળ, ફૂલ, પ્રાણીઓનું માંસ વગેરેનો ખોરાક તરીકે તેમજ વૃક્ષોના પર્ણ પર છાલનો વસ્ત્ર તરીકે ઉપયોગ કરતા હતા. આદિમાનવનું સંપૂર્ણ જીવન કુદરતના પ્રભાવથી પરિપૂર્ણ હતું. ખેતી, પશુપાલન, ઉદ્યોગો, વાહન વ્યવહાર કે બીજી કોઈપણ આર્થિક પ્રવૃત્તિના પાયામાં પર્યાવરણ રહેલું છે. તેમજ માનવી કુદરતનું અંગ છે. તેથી તે કુદરતીથી સ્વતંત્ર રહી શકતો નથી. વિશ્વ પર્યાવરણીય સમસ્યાઓથી ઘેરાયેલો છે જેની અસર જે તે દેશના લોકો પોતાની આંખે જોઈ રહ્યા છે. એટલે વિશ્વના બધા લોકોમાં પર્યાવરણ અંગેની જાગૃતિ ફેલાઈ તે જરૂરી છે.

આ ઉપરાંત આપણા ભારત દેશમાં તો પર્યાવરણના તમામ ઘટકોને પ્રકૃતિ માતાના સ્વરૂપ સમજીને તેની પૂજા કરવામાં આવે છે. તેના ઉદાહરણમાં આપણે ત્યાં રોજ સૂર્યનારાયણ ને ચડાવવામાં આવે, પીપળાની પૂજા કરવામાં આવે, આસોપાલવના પાન વાતાવરણને ઓક્સિજન આપે તેથી તેનું તોરણ બાંધવામાં આવે છે, આમ આપણા શાસ્ત્રો મુજબ વનસ્પતિ, પાન, પ્રાણીઓ વગેરેનું અલગઅલગ ધાર્મિક ક્રિયાઓમાં પૂજન કરવામાં આવે છે. એની પાછળનો હેતુ પર્યાવરણની સુરક્ષાનો જ ગહન રીતે વિચાર રહેલો છે.

આપણા જીવનમાં પર્યાવરણનું આટલું મોટું મહત્વ હોવાને કારણે આપણે તેનું રક્ષણ કરીએ તે આપણી નૈતિક જવાબદારી છે. આથી એમ કહી શકાય કે પર્યાવરણનો અભ્યાસ કરવો એ લોકોની વર્તમાન જરૂરિયાત છે.

## પર્યાવરણીય શિક્ષણનો ઉદ્દેશ

પર્યાવરણ શિક્ષણનો પાયો 18મી સદીમાં નખાયો હતો જ્યારે જીન – જેક્સ રુસોએ પર્યાવરણ ઉપર ધ્યાન કેન્દ્રિત

 ISSN: 2349-6002

કરતા શિક્ષણના મહત્વ પર ભાર મૂક્યો હતો. પ્રકૃતિવાદ લૂઈસ અગાસીઝે વિદ્યાર્થીઓને પુસ્તકોનો નહીં, પ્રકૃતિનો અભ્યાસ કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

પર્યાવરણીય શિક્ષણ એ શીખવાની એક પ્રક્રિયા છે. પર્યાવરણ અને તેના સબંધિત પડકાર વિશે લોકોમાં જાગૃતિ ફેલાવે છે. સમગ્ર વિશ્વના લોકો પર્યાવરણ પ્રત્યે જાગૃત બને તે માટે પર્યાવરણનો અભ્યાસ જરૂરી છે. જો લોકોને પર્યાવરણનું જ્ઞાન, માહિતી હોય તો તેઓ પર્યાવરણનું રક્ષણ તેમજ જાળવણી કરી શકે. પ્રદૂષણ ઘટાડવાના ઉપાયોની જાણકારી હોય તો તેઓ પ્રદૂષણ ઘટાડવામાં સહભાગી થઈ શકે.તેથી પર્યાવરણીય અભ્યાસ દ્વારા લોકોમાં પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ, જાણકારી તેમજ જ્ઞાન પ્રાપ્ત થાય તે ઉદ્દેશ રહેલો છે.

ઉપરાંત બાળકોને બાળપણથી જ પર્યાવરણનું જ્ઞાન,શિક્ષણ આપવામાં આવે તો તેઓ પણ પર્યાવરણનું રક્ષણ કરવામાં પોતાનું યોગદાન આપી શકે. આપણે ત્યાં તો કહેવત છે કે પાકા ઘડે કાંઠા ન ચઢે. તેથી બાળકો જ્યારે નાના હોય ત્યારે જ તેને પર્યાવરણનું જ્ઞાન આપવું જોઈએ. આ ઉપરાંત પર્યાવરણના અભ્યાસને પ્રોત્સાહિત કરવા માટે યોજનાઓ અને પ્રોજેક્ટ વિકસાવવામાં આવ્યા છે. તેમજ **5** જુને વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી પણ કરવામાં આવે છે.

## પર્યાવરણીય પ્રદૂષણ

આજે ઝડપી આર્થિક વિકાસ સાધવાની હરોળમાં ઘણા બધા પ્રદૂષણોનો જન્મ થયો છે, જેમકે ધ્વનિ પ્રદૂષણ, જળ પ્રદૂષણ, માટી પ્રદૂષણ વગેરે. આ પ્રદુષણ એ કુદરતી વાતાવરણમાં દૂષકોનો પ્રવેશ છે,જે નુકસાન પહોંચાડે છે. ખાસ કરીને તો મનુષ્યને કારણે પર્યાવરણને ખૂબ જ નુકસાન થાય છે.

મોટા ઉદ્યોગ,, બેફામ કુદરતી સંપત્તિનો ઉપયોગ, વાહનોનો વધતો ઉપયોગ, પાણીનો બેફામ ઉપયોગ વગેરેને કારણે પ્રદૂષણનો જન્મ થયો છે. આ પ્રદૂષણને કારણે ઘણી બધી વનસ્પતિ, પ્રાણીઓ, ઔષધીઓ, પક્ષીઓની પ્રજાતિઓ લુપ્ત થતી જાય છે. તેમજ હજી પણ જો પર્યાવરણ પ્રત્યે લોકો જાગૃત નહીં થાય તો કદાચ ભાવિ પેઢીને આપણે જે પર્યાવરણ પ્રાપ્ત થયું છે તે કદાચ તેને નહીં થાય. આથી પ્રદૂષણ ન ફેલાય અથવા તો પ્રદૂષણ ઓછું ફેલાય તે માટે બધા લોકોએ સાથે મળીને કામ કરવાનું છે.

## સમાપન

પર્યાવરણ એ માનવ જીવનનું એક અંગ છે. આથી દરેક માનવે તેનો અભ્યાસ કરવો જોઈએ. પર્યાવરણ એ ઈશ્વરની ભેટ છે. આથી પર્યાવરણનું જે પ્રદૂષણ થઈ રહ્યું છે તે જોતા કહી શકાય કે પર્યાવરણનો અભ્યાસ કરવો એ વર્તમાન જરૂરિયાત છે. જો આપણે આજે પર્યાવરણને બચાવીશું તો પર્યાવરણ આપણને બચાવશે. પર્યાવરણ ના અભ્યાસ દ્વારા લોકો જાગૃત બને તો પર્યાવરણને આપણે બચાવી શકશું.

પર્યાવરણને બચાવવા માટે વધુમાં વધુ વૃક્ષનુ વાવેતર કરવુ અને તેનું રક્ષણ કરવું, શક્ય હોય ત્યાં સુધી જાહેર વાહનોનો ઉપયોગ કરવો, પાણીનો જરૂર મુજબ ઉપયોગ કરવો, પર્યાવરણ વિશે જાગૃતિ ફેલાવી, બાળકોને શાળા કોલેજમાં પર્યાવરણનું જ્ઞાન આપવુ.તેમજ શક્ય હોય ત્યાં સુધી ઉદ્યોગોમાંથી થતા પ્રદૂષણને ઘટાડવા પ્રયત્ન કરવો. આ વિવિધ ઉપાયો દ્વારા પર્યાવરણનું રક્ષણ થઈ શકે તેમ છે. આથી પર્યાવરણનું રક્ષણ કરવા માટે ઉપર મુજબના ઉપાયો પ્રયોજવા જોઈએ. આ ઉપરાંત જો પર્યાવરણનો અભ્યાસ કરવામાં આવશે તો કદાચ તેના દ્વારા આપણી ભાવિ પેઢી માટે પણ આપણે જે કુદરતી તત્વનો ગુણવત્તા ભર્યો ઉપયોગ કરીએ છીએ તે તેમને પણ પ્રાપ્ત થઈ શકશે.

માનવ જીવનનો આધાર પર્યાવરણને જ આભારી છે. આથી પર્યાવરણની ખાસ જરૂર છે પૃથ્વી પર પર્યાવરણને લીધે જ જીવન શક્ય છે જ્યારે ચંદ્ર પર પર્યાવરણ ન હોવાને કારણે ત્યાં જીવન સંભવ નથી. આથી કહી શકાય કે જ્યાં પર્યાવરણ છે, ત્યાં જ માનવ જીવન સંભવ બને છે.

## સંદર્ભ સૂચિ

[1] https://www.hkcommerce.in
[2] quora.com
[3] https://gyansampada.baou.edu.in
[4] https://www.spuvvn.edu
[5] https:/baou.edu.in
[6] https://en.wikpedia.org
[7] https://gu.wikpedia.org